**જીરવાનથી**

ક્રમાંક: જી-૧(ક્રાઇમ)ટે. ૨/એબ્સકોન્ડર/૧૪૬૧/૧૦
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮
તા. ૨૨/૪/૨૦૧૦

**વિષય:** એબ્સકોન્ડર રજિસ્ટર (નાસતા ફરતા રજિસ્ટર)નિયમ પ્રમાણે સરખી રીતે અને હેતુલક્ષી રાખવા બાબત.
**હવાલો:** પોલીસ મેન્યુઅલ ભાગ-૩ નિયમ ૨૧૯ (૩), નિયમ ૨૧૯ (૮)

## સ્થાયી હુકમ નં. ૧૪/૧૦

એબ્સકોન્ડર રજિસ્ટરમાં કયા તહોમતદારોની નોંધ કરવાની રહે છે તે અંગે ઘણી ગેરસમજ પોલીસ અમલદારોમાં પ્રવર્તે છે. આના લીધે ખરેખર જે લોકોની નોંધ નાસતા ફરતા રજિસ્ટરમાં થવી જોઇએ તે થતી નથી.

૧. એબ્સકોન્ડર એટલે કે નાસતા ફરતા તહોમતદારો. પોલીસ મેન્યુઅલ ભાગ-૩ નિયમ ૨૧૯, પેટા નિયમ (૩) માં જણાવ્યા પ્રમાણે ચાર્જશીટમાં લાલશાહીથી આરોપીને નાસતા ફરતા દર્શાવીને કોર્ટમાં ચાર્જશીટ મોકલવામાં આવે છે તે આરોપી એબ્સકોન્ડર (નાસતા ફરતા) કહેવાય છે. એટલે કે કોઇપણ આરોપીને એબ્સકોન્ડર જાહેર કરવાનો નિર્ણય તપાસ કરનાર અમલદારને લેવાનો રહે છે.

૨. ઉપર્યુક્ત રીતે જયારે ચાર્જશીટમાં લાલશાહીથી નાસતા ફરતા (એબ્સકોન્ડર) જાહેર કરીને ચાર્જશીટ કોર્ટમાં મોકલવામાં આવે છે તે જ વખતે તે આરોપીનું નામ એબ્સકોન્ડર રજિસ્ટરમાં પોલીસ મેન્યુઅલ ભાગ-૩ નિયમ ૨૧૯ (૮) મુજબ લખવાનું રહે છે.

૩. એ રીતના નાસતા ફરતા રજિસ્ટરમાં નોંધ કરેલ આરોપીઓ માટે આગળની કાર્યવાહી એટલે કે તેમને કોર્ટ મારફત ભાગેડુ આરોપી (પ્રોકલેમ્ડ ઓફેન્ડર) જાહેર કરવા માટે કોર્ટને રિપોર્ટ કરવાનો રહે છે અને આગળની સી.આર.પી.સી. કલમ ૭૦, ૮૨, ૮૩ મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

૪. હાલમાં કેટલાક જિલ્લાઓમાં ફક્ત કોર્ટ દ્વારા જાહેર કરેલ ભાગેડુ આરોપીને નાસતા ફરતા રજિસ્ટરમાં નોંધ કરવામાં આવે છે જેથી આવી નોંધો જુજ હોય છે. નાસતા ફરતા રજિસ્ટરમાં નાસતા ફરતા આરોપીઓની નોંધ નહિ થવાથી થોડા સમય પછી આ આરોપીઓ ધ્યાન બહાર થતાં સી.આર.પી.સી. મુજબ તેમને ભાગેડુ જાહેર કરવા માટેની કાર્યવાહી થઇ શકતી નથી. જેથી હવે પછી ભવિષ્યમાં પોલીસ મેન્યુઅલની ઉપર્યુક્ત જોગવાઇઓ પ્રમાણે જયારે પણ ચાર્જશીટમાં લાલશાહીથી આરોપીને નાસતા ફરતા જાહેર કરવામાં આવે તે જ વખતે નાસતા ફરતા રજિસ્ટરમાં એન્ટ્રી કરવી અને નાસતા ફરતા રજિસ્ટરના ક્રમાંક અને તારીખ ચાર્જશીટમાં દર્શાવવા સૂચના આપવામાં આવે છે.

૫. ઉક્ત સૂચના પ્રમાણે તા. ૧-૧-૨૦૦૦ થી અત્યાર સુધીના ચાર્જશીટ કાઉન્ટરો તપાસી નાસતા ફરતા રજિસ્ટરમાં નોંધો કરાવી અને અપ ટુ ડેટ કરાવી આ કામગીરી તા. ૩૦-૬-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવા સૂચના આપવામાં આવે છે.

(૪) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાથે સંકલન કરી બુટલેગરો ઉપર તડીપાર...

૬. સી.આર.પી.સી. કલમ ૮૨ માં લખેલ છે કે કોર્ટનું વોરન્ટ જે નાસતા ફરતા આરોપી માટે ઇસ્યુ થયેલ છે છતાં તે આરોપી નાસતા ફરતા છે તેમને ભાગેડુ જાહેર કરવા માટે કોર્ટ કાર્યવાહી કરી શકે છે. સી.આર.પી.સી. કલમ ૮૨ ની જોગવાઇ જોતાં ભાગેડુ જાહેર કરવાની કાર્યવાહી શરૂ કરવા માટે સી.આર.પી.સી. ૭૦ મુજબનું કોર્ટનું વોરન્ટ પ્રથમ લેવું જરૂરી છે. જેથી જે નાસતા ફરતા આરોપી માટે કોર્ટનું વોરન્ટ લીધેલ નથી તેમના માટે તુર્તજ વોરન્ટ મેળવવા તજવીજ કરવી અને વોરન્ટ નંબર અને તારીખની નોંધ એબ્સકોન્ડર રજિસ્ટર અને ચાર્જશીટ કાઉન્ટરમાં કરવી.

૭. તપાસની હકીકત જોતાં યોગ્ય કેસોમાં તપાસ કરનારને જરૂર જણાય તો ચાર્જશીટ કરતા પહેલાં પણ આરોપીને નાસતા ફરતા તરીકે જાહેર કરી શકે છે અને નાસતા ફરતા રજિસ્ટરમાં તેની નોંધ કરી શકે છે.

૮. આ સાથે પોલીસ સ્ટેશન કક્ષાએ મેઇન્ટેન કરવાના નાસતા ફરતા આરોપીઓના રજીસ્ટરના પ્રફોર્મા અને જીલ્લા/શહેર લેવલે મેઇન્ટેન કરવાના નાસતા ફરતા આરોપીઓના રજીસ્ટરના પ્રફોર્મા મોકલેલ છે. વધુમાં પોલીસ કમિશનરશ્રી/રેન્જવડાશ્રી દર માસે નાસતા ફરતા આરોપીઓનું મંથલી પત્રક અત્રેની કચેરીને અને અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ને મોકલશે. જે અંગેનો પ્રફોર્મા પણ સામેલ છે.

ઉકત કામગીરી સમયસર પૂર્ણ કરવા ટોચ અગ્રતા આપવા નોંધ રાખવી.

**બિડાણઃ** ૩

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**<u>નકલ રવાના (જાણ સારૂ):</u>**
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

૨/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩/- આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીએ મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર
22/4/10

(૪) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાથે સંકલન કરી બુટલેગરો સિ...

# - પોલીસ તપાસમાં ન પકડાયેલ નાસતા ફરતા આરોપીઓનું રજીસ્ટર -

## પોલીસ સ્ટેશન લેવલે

| ક્રમ | ગુ.ર.નં., કલમ તારીખ | ચાર્જશીટ/ વર્ગ – અ ફાયનલ ભર્યા તારીખ કાઉન્ટર નંબર અને કોર્ટ કેસ નંબર સાથે | નાસતા ફરતા આરોપીનું નામ, સરનામું ફોટા સાથે | થયેલ તપાસમાં આરોપી વિરૂધ્ધના પુરાવાની વિગત | થયેલ તપાસ દરમ્યાન આરોપી પકડવા કરાયેલ તપાસની કે.ડા.નંબરની વિગત | સી.આર.પી.સી કલમ ૭૦ મુજબ વારંટ મેળવવા લખાયેલ યાદી તારીખ, વોરંટ મેળવ્યા તારીખ, કોર્ટની વિગત | વોરંટ બજવણી માટે કરાયેલ તપાસની કે.ડા.નંબરની વિગત | સી.આર.પી.સી. કલમ ૮૨ મુજબ જાહેરનામું મેળવ્યા તારીખ, કોર્ટની વિગત | જાહેરનામું પ્રસીધ્ધ કરવા કરાયેલ તપાસની કે.ડા.ની વિગત (પ્રેસ જાહેરાત) | આરોપીની માલીકીની / સંયુકત માલીકીની મીલ્કતોની વિગત | સી.આર.પી.સી. કલમ ૮૩ મુજબ જપ્તી હુકમ મેળવ્યા તારીખ, કોર્ટની વિગત | જપ્તી હુકમ માટે કરેલ કાર્યવાહી અને કોર્ટ રિપોર્ટની વિગત | સી.આર.પી. સી. કલમ ૨૯૯ હેઠળ થયેલ ચાર્જશીટનો નંબર સી.સી. નંબર તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| | | | | | | | | | | | | | | |

# - પોલીસ તપાસમાં ન પકડાયેલ નાસતા ફરતા આરોપીઓનું રજીસ્ટર -

## ( જીલ્લા / શહેર લેવલે )

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | ગુ.ર.નં., કલમ તારીખ | ચાર્જશીટ/ વર્ગ – અ ફાયનલ ભર્યા તારીખ સી.સી. નંબર તારીખ/ફાઇનલ ભર્યા જાવક નંબર તારીખ સાથે | નાસતા ફરતા આરોપીનું નામ, સરનામું | સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ વોરંટ મેળવ્યા તારીખ, કોર્ટની વિગત | સી.આર.પી.સી. કલમ ૮૨ મુજબ જાહેરનામું મેળવ્યા તારીખ, કોર્ટની વિગત | સી.આર.પી.સી. કલમ ૮૩ મુજબ જપ્તી હુકમ મેળવ્યા તારીખ, કોર્ટની વિગત | સી.આર.પી.સી. કલમ ૨૯૯ હેઠળ થયેલ ચાર્જશીટ નંબર તારીખ અને સી.સી.નંબર તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

પ્રતિઃ – અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

જાણઃ – પોલીસ, ગાંધીનગર.

પ્રેષકઃ – ..............................................પોલીસ કમિશનર/રેન્જ, ..........................................................શહેર/વિભાગ.

હવાલોઃ – પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીના સ્થાયી હુકમ નંબરઃ ૧૪/૧૦, જાવક નંબરઃ જી-૧(ક્રાઇમ)ટે-૨/ના.ફ. / /૧૦, તા

## - પોલીસ તપાસમાં ન પકડાયેલ નાસતા ફરતા આરોપીઓનું મંથલી પત્રક -

| કમિશનરેટ/રેન્જમાં તા.૧/૧/૨૦૦૦ થી ચાર્જશીટ/વર્ગ – અ ફાયનલ ભરાયેલ કેસોમાં આજદિન સુધી નાસતા ફરતા આરોપીઓની સંખ્યા | માસ દરમ્યાન નાસતા ફરતા આરોપી પકડયાની સંખ્યા | માસ દરમ્યાન કરેલ ચાર્જશીટ કેસો/એ ફાઇનલના કેસોમાં નાસતા ફરતા બતાવેલ સંખ્યા | કુલ નાસતા ફરતા પકડવાના બાકી | સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ વારંટ મેળવાયેલ આરોપીઓની સંખ્યા | સી.આર.પી.સી. કલમ ૮૨ મુજબના જાહેરનામા ઇશ્યુ થયેલ આરોપીઓની સંખ્યા | સી.આર.પી.સી. કલમ ૮૩ મુજબ ના જપ્તી હુકમ થયેલ આરોપીઓની સંખ્યા | સી.આર.પી.સી. કલમ ૨૯૯ હેઠળ ચાર્જશીટ થયેલ આરોપીઓની સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |

સહીઃ

હોદ્દોઃ